## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




જાવ તમારા માટે ખાસ ઓર્ડર કરી દીધો છે... કાલથી એકલી ચડ્ડી પહેરી ઓફિસે આવી શકશો...





સ્મરણાંજલિ : રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને નયા ગુજરાતના પ્રણેતા સ્વ. ચીમનભાઈ પટેલની ૫૧મી જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર જ-માર્ગ પરના નર્મદાઘાટ પર યોજાયેલ પ્રાર્થના સભામાં જાહેર જીવનના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સપ્તકના કલાકારોએ અદ્‌ભુત શાસ્ત્રીય ગીત - સંગીત રજૂ કરી વાતાવરણને દિવ્ય બનાવ્યું હતું.



શનિ પ્રાગટ્ય દિન નિમિત્તે શનિની પનોતીમાંથી રાહત મેળવવા માટે શ્રધ્ધાળુઓ દ્વારા શહેરના મંદિરમાં શનિદેવની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

# અડાલજ પોલીસ દ્વારા ૧૭ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૩

ગુજરાત રાજયના પોલીસ વડા દ્વારા પ્રોહિબિશન અને જુગારની ડ્રાઈવના આયોજનને પગલે પોલીસ આમથી તેમ દોડતી નજરે પડી રહી છે. જેને પગલે અડાલજ પોલીસે રવિવારના રોજ ત્રણ સ્થળે રેઈડ કરીને કુલ ૧૭ શકુનીઓને પકડી પાડ્યા છે. જેમાં શેરથામાં પશુ દવાખાના કંમ્પાઉન્ડમાંથી-૯ દંતાલીમાંથી-૪ અને અંબાપુરમાંથી-૪ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. અડાલજ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રતનલાલને શેરથા ગામે ટીંટોડા માર્ગ પર આવેલા સરકારી પશુ દવાખાનાના કંમ્પાઉન્ડમાં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે રેઈડ કરતા રૂ.૧૦,૨૪૦ ના મુદ્દામાલ સાથે શેરથાના ડાહ્યાભાઈ રણછોડજી ઠાકોર, ખાના મેહાજી ઠાકોર, સુનીલ અમૃતજી ઠાકોર, કનુ વાહજીજી ઠાકોર, નરેશ ચોથાજી ઠાકોર, વિક્રમ શમ્ભભાઈ રાવળ, રાઘુ મણાજી ઠાકોર, તથા ટીંટોળાના શૈલેશ માસંગજી ઠાકોર અને લાલા સંગ્રામજી ઠાકોરનો સમાવેશ થાય છે.

જયારે બીજા બનાવમાં અડાલજ પોલીસ મથકના હે.કો.રામેશ્વરને મળેલી બાતમીના આધારે દંતાલી ગામે ખેતરમાં લીમડાના વૃક્ષ નીચે જુગાર રમતા ત્રણ શકુનીઓને પકડી પાડ્યા છે. જયારે એક ફરાર થઈ ગયો હતો. જમીયતપુરાના વિનોદ ગોપાલજી ઠાકોર, દિનેશ જયંતિભાઈ પટેલ તેમજ દંતાલીના રસિક ભીખા પટેલ ને પોલીસે પકડી પાડી રૂ.૧૯,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે જમીયતપુરાનો દિનેશ જવાનજી ઠાકોર ભાગી છુટવામાં સફળ રહ્યો હતો. તો બીજી તરણ કોન્સ્ટેબલ રોહિતસિંહને મળેલી બાતમીને આધારે અંબાપુરના જુહાજીવાળા વાસમાં ખુલ્લા મેદાનમાંથી ચાર શકુનીઓ પકડાયા છે. પોલીસે અંબાપુરના રોહિત ખોડાજી ઠાકોર, દશરથ અમાજી ઠાકોર, બળદેવ આતાજી ઠાકોર, ઘનશ્યામ રમેશજી ઠાકોરને જુગાર રમતા રંગેહાથ પકડીને રૂ. ૩૮૭૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.




ઈડરિયા ગઢ પર ગાંધીનગરની સ્ટોન હાઈકરના યુવાનોએ તમાકુ વિરોધી દિવસની ઉજવણી બેનર લહેરાવીને કરી હતી. આ યુવાનોએ જિંદગીભર વ્યસનમુક્તિ રહેવાના શપથ લીધા હતા. યુવા આર્કિટેક હર્ષ બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં ૧૫થી વધુ યુવાનોએ ગાંધીનગરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વ્યસન વિરોધી ઝૂંબેશ હાથ ધરી છે.


# સેટેલાઈટ અને સોલા પોલીસ મથકના પીઆઈ અંતે સસ્પેન્ડ

અમદાવાદ શહેરના બે મહત્વના પોલીસમથકમાં ફરજ બજાવતાં બે પોલીસ ઈન્સ્પેકટરોને રાજયના ડીજીપી(પોલીસ મહાનિર્દેશક) શિવાનંદ ઝા દ્વારા તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવાયા છે. રાજયના પોલીસ મહાનિર્દેશક શિવાનંદ ઝાએ આજે સેટેલાઈટ પોલીસમથકના પીઆઈ એમ.બી.ઝાલા અને સોલા પોલીસમથકના પીઆઈ પી.બી.ચૌહાણને ફરજમાં ગંભીર બેદરકારી બદલ સસ્પેન્ડ કરી દીધા હતા. ડીજીપી ઝાના આ આકરા શિક્ષાત્મક નિર્ણયને પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે. સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડાની કાર્યવાહી દરમ્યાન સેટલાઈટ પીઆઈ એમ.બી.ઝાલા અને સોલા પીઆઈ પી.બી.ચૌહાણની ગંભીર બેદરકારી અને ફરજમાં ચૂક સામે આવી હતી., જેને લઈ રાજયના ડીજીપી શિવાનંદ ઝાએ આ બંને પીઆઈની વર્તણૂંકની ગંભીર નોંધ લીધી હતી.

# પાલજ-પીડીપીયુ પાસેથી પીધેલા પકડાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ચિલાડા માર્ગ પર આવેલા પાલજ ગામના પાટીયા પાસે દારૂ પીધેલી હાલતમાં ફરતા ત્રણ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. રવિવારના રોજ રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં ચિલોડા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન પોલીસે જીગ્નેશ કાળુજી ઠાકોર, (ઉં.વ.-૩૨) રહે. બ્લોક નં. ૭૫-૨ છ ટાઈપ સે-૨૦, દિલિપ શિવસિંહ વાઘેલા (ઉં.વ.-૩૧ રહે. બ્લોક નં.૧૧૯-૫ જ ટાઈપ સે-૨૦), સુરેશ નાથુલાલ વર્મા (ઉં.વ.૪૬ રહે. પાલજ નવા ગામ)નો સમાવેશ થાય છે. ચિલોડા પોલીસે ત્રણેય શખ્સો સામે પ્રોહિબિશન મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તો બીજીતરફ રવિવારના રોજ રાત્રીના સમયે ઈન્ફોસીટી પોલીસે પીડીપીયુ માર્ગ પર આવેલા ફ્રાય સેન્ટર પાસેથી હોન્ડા સીટી કારમાંથી દારુ પીધેલી હાલતમાં યુવકોને પકડી પાડ્યા હતા. આ યુવકોમાં ચિરાગ મહેશકુમાર કેલવાણી ઉં.વ.-૨૫ રહે. ડાયમંડ પાર્ક સોસાયટી સરદારનગર, જેકી રામચંદ વસાયાણી ઉં.વ.-૨૯ મકાન નં. ૪૧ બંગલા એરીયા કુબેરનગર, ને પીધેલી હાલતમાં પકડી પાડ્યા હતા. ઈન્ફોસીટી પોલીસે કાર જપ્ત કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ આજે સે-૧૬ સ્થિત સોમનાથ મહાદેવમાં પૂજા અર્ચના કરી મહાદેવના આશિષ મેળવ્યા હતા. સોમવતી અમાસની પૂજાનું મહત્વ વિશેષ હોય છે.

# બેંક ઓફ બરોડા પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકીએ આતંક મચાવ્યો છે. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીને અંજામ આપે છે. શહેરી ભીડભાડવાળા વિસ્તાર તો બાદ સેકટરના છુટાછવાયા વિસ્તારમાંથી પણ બાઈક ચોરો બાઈક ચોરીને પળવારમાં પલાયન થઈ જાય છે. ત્યારે શહેરના ઘ-૪ વિસ્તારમાં બેંક ઓફ બરોડા પાસેથી ભર બપોરે બાઈકની ઉઠાંતરી થવા પામી છે. ટીંટોડા ગામનો સચિન ગોંવિદ પરમાર (ઉં.વ.-૨૩) નામનો યુવક ગત તા.૧૯ મે ના રોજ પોતાના કામ અર્થે ગાંધીનગર આવ્યો હતો.બપોરના સુમારે તે બેંક ઓફ બરોડા સામે પોતાનું પેશન પ્રો બાઈક નં.જી.જે.૧૮.સી.એફ. ૪૨૫૭ મુકીને સ્વર્ણીમ પાર્કમાં ગયો હતો. દોઢ વાગ્યાના અરસામાં તે બહાર નીકળ્યો હતો ત્યારે જોયું તો પાર્ક કરેલું બાઈક ગાયબ હતું. થોડા દિવસ રાહ જોયા બાદ આ અંગે યુવકે રૂ.૧૮ હજારની કિંમતના બાઈક ચોરીની ફરીયાદ નોંધાવી છે. જેને પગલે સેકટર-૭ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે બાઈક ચોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ગુજરાતને દ એવૉર્ડ ઓફ એક્સેલન્સ એવૉર્ડ એનાયત

ગાંધીનગર,તા.૩

રાજયના નાગરિકોના જમીન-વિવાદને લગતા કેસોનું ઝડપથી નિકાલ આવે અને રેકોર્ડ ઝડપથી ઉપલબ્ધ બને તે માટે રાજય સરકારે ઈ-ગવર્નન્સના માધ્યમ દ્વારા ટેકનોલોજી થકી ઓનલાઈન સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે. રાજય સરકારની પારદર્શક નીતિ અને હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાતે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. રાજ્ય સરકારના પ્રયાસોને કેન્દ્ર સરકાર સહિત વિવિધ રાજ્યોએ પણ બીરદાવ્યા છે. તાજેતરમાં રાજ્ય સરકારના મહેસૂલી કેસોના મેનેજમેન્ટ માટે અમલી કોમ્પ્યુટરાઈઝ્ડ કેસ મોનીટરીંગ સીસ્ટમ પ્રોજેક્ટને CSI Nihilent e-governance Awarod:2018 તરીકે પસંદગી કરાઈ છે, અને હૈદરાબાદ ખાતે તત્કાલીન અધિક સચિવ વિકટર મેકવાન દ્વારા એવોર્ડ સ્વીકારવામાં આવ્યો છે. આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીને એવોર્ડ નિદર્શન કરાવતા મુખ્યમંત્રીએ શુભેચ્છા આપી અભિનંદન પાઠવ્યા હતા, અને પ્રજાકીય કામો માટે મહત્વનો આ પ્રોજેક્ટ વધુને વધુ લોકભોગ્ય બને તે માટે અનુરોધ કર્યો હતો. તેમણે ડીજીટલ ઈન્ડિયા અભિયાન અને રાજ્ય સરકારની પારદર્શી નીતિ દ્વારા નાગરિકોએ તેમના હક્કો સત્વરે મળી રહ્યા છે તેનો વ્યાપ વધારવા પણ સુચના કર્યા હતા. એવોર્ડ અંગે વધુ વિગતો આપતા મહેસૂલ વિભાગના અધિક સચિવ (વિવાદ) નલિન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, CCMS પ્રોજેકટનો અમલ એસએસઆરડી-ખાસ સચિવ, મહેસુલ વિભાગ(અપીલ)ની કચેરી, અમદાવાદ ખાતે મે-૨૦૧૫થી શરૂ કરીને કામગીરી ઓનલાઈન કરાઈ હતી. જેના



પરિણામે છેલ્લા ત્રણ વર્ષથી કેસનું મોનીટરિંગ પદ્ધતિસર કરવામાં આવતું હોય વર્ષ ૨૦૧૭-૧૮ માટે નોમિનેશન મોકલવામાં આવ્યું હતું. જે સંદર્ભે કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયાની સ્થાનિક ટીમ દ્વારા કચેરીની મુલાકાત લઈને તમામ પાસાઓની ચકાસણી કરી ને ભલામણ કરાઈ હતી જે સંદર્ભે વર્ષ ૨૦૧૭-૧૮નો 'એવોર્ડ ઓફ એક્સેલન્સ' એવોર્ડ ગુજરાતને એનાયત થયો છે, જે સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન છે.

# દહેગામના નાની માછંગમાં માસીએ ભાણીનો સોદો કર્યો

### ૧૮૧ મહિલા હેલ્પલાઈને ગોંધી રખાયેલી ભાણી તથા તેના મા-બાપને છોડાવ્યા : ૭૫૦૦૦માં સોદો કરી જબરદસ્તીથી લગ્નનો કારસો રચ્યો

ગાંધીનગર, તા.૩

દહેગામ તાલુકાના નાની માછંગ ગામમાં બનેલી એક ઘટનાએ સમાજમાં હલબલી મચાવી છે. ૧૮૧ મહિલા હેલ્પલાઈનની સમયસુચકતાથી એક મહિલાનું જીવન છિન્નભિન્ન થતા બચ્યું છે. મોં બોલી માસીના ત્યાં રહેવા આવેલી ભાણીનો માસીએ સોદો કરી જબરદસ્તીથી લગ્ન કરાવવાનો કારસો રચ્યો હતો અને ભાણી તથા તેના મા-બાપને ગોંધી રાખવામાં આવ્યા હતા જે ૧૮૧ હેલ્પલાઈને પોલીસની મદદથી છોડાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળેલ વિગત મુજબ રખિયાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા નાની માછંગ ગામે મોં બોલી માસીના ત્યાં ભાણી તથા તેના મા-બાપ સુરતથી રહેવા આવ્યા હતા. દરમિયાન માસીએ નાણાંની લાલચમાં ગામના જ એક શખ્સ સાથે આ ભાણીનો રૂ. ૭૫૦૦૦માં સોદો કરી નાખી જબરજસ્તી લગ્નની ગોઠવણ કરી હતી. જે અંગેની જાણ ભાણી તથા તેના મા-બાપને થઈજતાં આ માસીએ તેમને એક રૂમમાં ગોંધી રાખ્યા હતા પોતાના સાથે અઘટતુ થઈ રહ્યું હોવાનું જાણતી ભાણીએ લઘુશંકાના બહાને બહાર આવી ૧૮૧ મહિલા હેલ્પલાઈનને ફોન કરી હકીકત જણાવતા ૧૮૧ની ટીમના વિલાસબેન ઝાલા, કોન્સ્ટેબલ કાજલબેન પંચાલ, પાયલટ ફતેસિંહ દરબાર તથા બીટ જમાદાર સાથે ગામમાં પહોંચીને ભાણી તથા તેના માતા પિતાને છોડાવ્યા હતા. ગુનાહીત પ્રવૃત્તિ આચરીને એક મહિલાના જીવન સાથે ચેડાં કરનાર માસી વિરૂધ્ધ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે નાનકડા ગામમાં બનેલી આ ઘટનાથી ચોમેર ફિટકારની લાગણી ઉદભવી હતી.

**બાયડ નગરપાલિકા - બાયડ**

**જાહેર નોટીસ**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૫ (P) અન્વયે કલમ ૯૯ (૭) મુજબ આથી બાયડ નગરપાલિકા હદમાં મિલકતો ધરાવતા, ધંધો કરનાર તથા હિત સંબંધ ધરાવનાર તેમજ રહીશ સર્વે નાગરિકોને નગરપાલિકા જાણ કરવામાં આવે છે કે, બાયડ નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૨૭૫ (P) મુજબ પ્લાસ્કિટ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો-૨૦૧૬ અંતર્ગત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો બાયડ નગરપાલિકાની તા. ૩૦/૧૦/૨૦૧૮ની સામાન્ય સભાના ઠરાવ નં. ૨૯૦થી મંજુર કરી જેનો અમલ કરાવવા કલમ-૯૯(૭) મુજબ નિયમોની વિગતવાર માહિતી કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરેલ છે. જે કચેરીના કામકાજના દિવસ દરમિયાન જોવા મળશે. આ નિયમો સામે જે કોઈ નાગરિક, મિલકતધારક કે ઈસમોને વાંધા સૂચનો હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયાથી ૧ (એક) મહિનાની અંદર નગરપાલિકા કચેરીને મળે તે રીતે મોકલી આપવા નોંધ લેવી. મુદત બાદ આવેલ વાંધા સૂચનો વિચારણા લેવામાં આવશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : બાયડ | તા. ૧/૬/૨૦૧૯

(ફિરોજ એસ. રાઠોડ) ચીફ ઓફીસર | (શ્રી દિનકરભાઈ ડી. પટેલ) ચેરમેન, કારોબારી સમિતિ | (શ્રી ભલુભાઈ પી. પટેલ) ઉપપ્રમુખ

(શ્રીમતી શાહીનબાનુ ડી. મલેક) પ્રમુખ, બાયડ નગરપાલિકા

માહિતી/હિંમત/૩૯/૧૯

**ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ**

**'ગીર' ફાઉન્ડેશન**

**પ્રકૃતિ શિક્ષણ શિબિરના કાર્યક્રમો સંલગ્ન ભોજન સેવા (કેટરીંગ સુવિધા) પુરી પાડવા બાબત**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન / અરણ્ય ઉદ્યાન તેમજ હિંગોળગઢ અભ્યારણ્ય ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરો તળે કેટરીંગ સુવિધા પુરી પાડવા જે કોઈ રસ ધરાવતા હોય તેવા કેટરર્સ / વ્યક્તિ / સંસ્થા / ઈજારદારે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં રોકડેથી / ડી.ડી. થી રૂ. ૧૫૦૦/- ભરી, જે તે બાબતનું કોરૂ ટેન્ડર ફોર્મ 'ગીર' ફાઉન્ડેળન, ગાંધીનગરની કચેરીએથી મેળવી લેવાનું રહેશે અને તદઅનુસાર ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ બાબતો / શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં RPAD/SPEED POSTથી અત્રે મળે તે રૂએ તેમજ કવર ઉપર 'પ્રકૃતિ શિક્ષણ શિબિર માટે કેટરીંગ સુવિધા પુરી પાડવાના ભાવો' લખી અત્રે મોકલી આપવાના રહેશે.

**સરનામું :** 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, 'ચ-૦' સર્કલ પાસે, 'જ' રોડ, પો. સેક્ટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭, ફોન સંપર્ક : (૦૭૯) ૨૩૯૭૭૩૦૦

નાયબ નિયામક, આર.એન્ડ ડી. 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

માહિતી/૨૧૬-અ/૧૯-૨૦

**મહેસુલ વિભાગ**

**ગુજરાત સરકાર**

**સચિવાલય, ગાંધીનગર**

**(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

જિલ્લા : મહેસાણા | ૨૬ ફેબ્રુ, ૨૦૧૯

અમ-૨૦૧૯-૧૬૭-મ-જમહ-૧૭૧૮-૨૯૪૬-ધ

આ સાથે અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ મોજે : ખદલપુર તા. વિસનગરની જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ધરોઈ યોજનાની ડી ૧ આર પ્ર શાખાની એમ ૯ એલ માઈનોરના બાંધકામના કામે સંપાદન કરવા માટે જરૂર પડવાનો સંભવ છે. એવું ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલઅધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે. ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૦-૦૪-૪૦ તે મહેસાણા જિલ્લાની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૦૪-૪૦ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ -૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમ કલમ-૧૦ (એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં ધરોઈ યોજનાની ડી ૧ આર પ્ર શાખાની એમ ૯ એલ માઈનોરના કામ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૦-૦૪-૪૦ જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસુચિ**

| બ્લોક/સર્વે નંબર | હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૧૫૧ | ૦-૦૪-૪૦ | ધરોઈ યોજનાની ડી ૧ આર પ્ર શાખાની એમ ૯ એલ માઈનોરના બાંધકામના કામે કાયમી સંપાદન કરવા બાબત. જમીન સંપાદન કેસ નં. ૫/૨૦૧૮ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપ સચિવ

ક્રમાંક/નામાનિ/મહે/૫૫/૧૯-૨૦